# માતાપિતા માટે સલામતી ચેકલિસ્ટ

**Snapchattersના માતાપિતા માટે ઉપયોગી ટિપ્સ. તમારા કિશોરને આટલું યાદ અપાવો:**

- ✔ **ફક્ત કુટુંબીઓ અને મિત્રો સાથે જ જોડાઓ.** ફક્ત એવા લોકોને જ મિત્રતા આમંત્રણ મોકલો અને સ્વીકારો જેમને તમે વાસ્તવિક જીવનમાં ઓળખતા હો.

- ✔ **યુઝરનેમ પસંદ કરવામાં ધ્યાન રાખો.** એવું યુઝરનેમ પસંદ કરો જેમાં તમારી ઉંમર, જન્મતારીખ, વ્યક્તિગત માહિતી કે સૂચક ભાષા ન હોય. તમારા કિશોરના યુઝરનેમમાં ઉંમર અને જન્મતારીખ જેવી વ્યક્તિગત માહિતી ક્યારેય ન હોવી જોઈએ.

- ✔ **સાચી ઉંમર સાથે સાઇન-અપ કરો.** સાચી જન્મતારીખ જ એ માર્ગ છે જેના દ્વારા તમારા કિશોરને અમારા વય-યોગ્ય સલામતી સંરક્ષણોનો લાભ મળી શકે છે.

- ✔ **લોકેશન શેરિંગ અંગે બે વાર ચેક કરો.** અમારા નકશા પર લોકેશન-શેરિંગ ડિફોલ્ટ રૂપે બધા માટે બંધ હોય છે. જો તમારું કિશોર બાળક તેને ચાલુ કરવા જઈ રહ્યું હોય, તો તેનો ઉપયોગ ફક્ત તેમના ભરોસાપાત્ર મિત્રો અને કુટુંબીઓ સાથે જ થવો જોઈએ.

- ✔ **કોઈ ભરોસાપાત્ર વયસ્ક સાથે વાત કરો.** તમારી સલામતી અને સુખાકારીની વાત આવે ત્યારે, કોઈ પ્રશ્નો અથવા વાતચીતો ખોટી નથી હોતી. તમારા કિશોરને જો કોઈ ચિંતા હોય તો કોઈ ભરોસાપાત્ર વયસ્ક સાથે વાત કરવાનું કહો.

- ✔ **ઍપની અંદર ઉપલબ્ધ રિપોર્ટ કરવાની સુવિધાનો ઉપયોગ કરો.** તમારા કિશોરને જાણ હોવી જોઈએ કે રિપોર્ટ ગોપનીય હોય છે – અને સીધા જ અમારી 24/7 ટ્રસ્ટ અને સેફ્ટી ટીમ પાસે સમીક્ષા માટે જાય છે.

- ✔ **મોકલતાં પહેલાં વિચારો.** કંઈ પણ ઓનલાઇન શેર કરવાની જેમ, કોઈ પણને – ભલે સાથીદાર અથવા ગાઢ મિત્રને – અંગત અથવા સંવેદનશીલ ચિત્રો અથવા માહિતી – મોકલતી કે વિનંતી કરતી વખતે ખૂબ જ સચેત રહેવું મહત્ત્વપૂર્ણ છે.

- ✔ **Snapchatના પરિવાર કેન્દ્રમાં જોડાઓ.** ખાતરી કરો કે તમે અને તમારા કિશોરે અમારા પેરંટલ કંટ્રોલ, Snapchatના પરિવાર કેન્દ્ર માટે સાઇન-અપ કરેલું છે, જ્યાં તમે જોઈ શકો છો કે તમારું કિશોર કયા મિત્રો સાથે વાતચીત કરે છે અને કન્ટેન્ટ કંટ્રોલ સેટ કરી શકો છો.